વિખ્યાત લોકગાયક-પાર્શ્વગાયક પ્રાણલાલ વ્યાસની યાદમાં યોજાયો ઓનલાઈન ડાયરો

જાણીતાં ગાયકો માલદે આહીર અને લલિતા ઘોડાદરાએ ગીતો અને ભજનોની રંગત જમાવી

ગાંધીનગર, તા.૩

ગુજરાતી ફિલ્મોના પાર્શ્વગાયક અને ડાયરાના પ્રણેતા ગાયક પ્રાણલાલ વ્યાસ ને સંગીતમય સ્મરણાંજલિ કાર્યક્રમ રવિવારે 'મારી ભાષા ગુજરાતી' ઓનલાઈન મંચ અંતર્ગત યોજાયો. લોકસંગીતના જાણીતા ગાયક માલદે આહીર અને લલિતા ઘોડાદરાએ પ્રાણલાલનાં ફિલ્મગીતો, લોકગીતો અને ભજનો રજુ કરીને ઓનલાઈન સંગીત સરવાણી વહાવી હતી. જાણીતા કલાસંસ્કૃતિ પ્રોત્સાહક, નાટ્યકાર, ફિલ્મકાર અભિલાષ ઘોડા અમદાવાદથી આ કાર્યક્રમના મુખ્ય વક્તા હતા. એમણે પ્રાણભાઈ સાથેનાં અનેક સંસ્મરણો વર્ણવતાં કહ્યું કે ગુજરાતી ચિત્રપટ અને લોકસંગીતમાં પ્રાણલાલ વ્યાસ એક અદ્વિતીય નામ છે. એવા મહાન ગાયકો હવે તો ભૂતકાળમાં જ રહી ગયા છે. તેઓ માત્ર એક મહાન ગાયક જ નહિ એક ઉમદા વ્યક્તિ હતા જે અત્યંત લોકપ્રિય હતા અને તો ય લોકપ્રિયતા અને ખ્યાતિ જેવા શબ્દો તેમને સ્પર્શી નહિ શક્યા હતા એવા અલગારી અને પૂર્ણ રીતે લોકસંગીતને સમર્પિત ગાયક હતા. અભિલાષ ઘોડા દ્વારા બનાવાયેલ પ્રાણલાલ વ્યાસની ડોક્યુમેન્ટરી ફિલ્મના કેટલાક અંશ જેમાં પ્રાણલાલની પોતાની વાત અને સાથી ગાયકો દિવાળીબેન ભીલ, પ્રફુલ દવે વગેરે તથા પૂ. મોરારી બાપુનાં સંસ્મરણો દર્શાવાયાં હતાં.

ટેકસાસ અમેરિકાથી ગુજરાતી લોકસંગીત સંગ્રાહક અને સંરક્ષક કરસનભાઈ પરમારે જણાવ્યું કે આજે ટેક્નોલોજીના સમયમાં અસલ જૂનું લોકસંગીત ભુલાઈ રહ્યું છે અને ઘણું તો લુપ્ત થઈ ગયું છે એ આપણી કમનસીબી છે. મારા એક શોખ તરીકે લોકસંગીતના ખજાનાને ડિજિટલ રૂપાંતરણ કરી ઓનલાઈન ઉપલબ્ધ કરાવનારા પરમારે પ્રાણલાલના મુંબઈ અને ગુજરાતના ડાયરાઓની ભવ્યતાની ઝાંખી કરાવી હતી.

ઈંગ્લેન્ડમાં લંડન ખાતે રહેતા અર્પણ ફટાણિયાએ જણાવ્યું કે પ્રાણલાલની ગાયકીથી આકર્ષાઈને વરસો અગાઉ ભારત આવી પ્રાણલાલ પાસે ભજન ગાવાનું શીખ્યા હતા. પ્રાણલાલના એક અદના શિષ્ય રૂપે પ્રાણલાલનાં ભજનો ઈંગ્લેન્ડની ધરતી પર સતત ગુંજતાં રાખનારા આ યુવાન ગાયકે કહ્યું કે પ્રાણલાલ ગુજરાતી લોકસંગીતનો એક એવો પ્રાણ છે જે આવનારાં અનંત વર્ષો સુધી અમર અને સદા યુવાન જ રહેશે.

રાજકોટથી લલિતા ઘોડાદરા અને ઉપલેટાથી માલદે આહીરે યુગલ સ્વરમાં અનેક ગીતો રજૂ કરી ઓનલાઈન ટેક્નોલોજી સાથે શ્રોતાઓને એક નવો જ રોમાંચક અનુભવ કરાવ્યો. તેમણે પ્રાણલાલનાં એક પછી એક શ્રેષ્ઠ ગીતો રજૂ કરી શ્રોતાઓને સાડા ત્રણ કલાક સુધી જકડી રાખ્યા હતા. 'બાર બાર વર્ષે નવાણ ગળાવિયાં', 'ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું', 'કીડી બિચારી કીડલી રે', 'ભાગું તો મારી ભોમકા લાજે' અને 'પાપ તારું પરકાશ જાડેજા' વગેરે ગીતોની રમઝટ બોલાવી પ્રાણલાલના ડાયરાની રંગત ભારતથી ઈંગ્લેન્ડ અને અમેરિકા સુધી ઓનલાઈન જીવંત કરી દીધી હતી. પ્રાણલાલ વ્યાસના પૌત્ર બાલગાયક કાવ્ય મેહુલ વ્યાસે દાદાજીનું એક ભજન પ્રાણલાલના અંદાજમાં ગાઈને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

દિલ્હીથી આ કાર્યક્રમના આયોજક અને સંયોજક ભાગ્યેન્દ્ર પટેલે કયું કે આપણે જેને જૂનું સંગીત કહીએ છીએ વાસ્તવમાં તે સંગીત ક્યારેય જૂનું થતું જ નથી અને જયારે પણ સાંભળીએ તે નવી તાજગી જ આપે છે. 'સૂરમણિ' ખિતાબથી નવાજાયેલા અને અનેક પુરસ્કારોથી સન્માનિત થયેલ લોકસંગીતના અનમોલ ઘરેણા સમાન પ્રાણલાલ જેવા ગાયકો યુગોમાં જ જન્મે છે. પ્રાણલાલ વ્યાસે સિત્તેર વર્ષનું આયુષ્ય ભોગવી ૧ ઓગસ્ટ ૨૦૧૧ના દિને ચિરવિદાય લીધી હતી. વીસમી સદીનો ઉત્તરાર્ધ ગુજરાતી લોકસંગીતનો એક એવો યાદગાર યુગ હતો જયારે પ્રાણલાલ અને એમના જેવા કેટલાક ગાયકોના પ્રદાનથી ગુજરાતી સંગીત એક મહામૂલ્યવાન ખજાનો બની ગયેલ છે. એ સંગીતખજાનાને અવશેષ રૂપ રહી જાય તે પૂર્વે એના જતન અને સંવર્ધન કાજે એની ચાવી આપણે યોગ્ય સમયે હાથ અને હૈયામાં ધારણ લઈએ એ તાકીદનું જરૂરી છે.

૧૦૦ મિનિટ પ્રોગ્રામ અંતર્ગત રાજધાનીથી ઓનલાઈન યોજાતા સાપ્તાહિક કાર્યક્રમ 'મારી ભાષા ગુજરાતી'નો આ આઠમો ઉપક્રમ હતો જેમાં દિલ્હીથી દશરથલાલ શાહ, વિરાટ શાહ, સાધના બકુલ વ્યાસ, મીતા સંઘવી અને વડોદરાથી બીના શેઠ તેમ જ લંડનથી કાંતિભાઈ તેમ જ નવનીત ત્રિવેદી વગેરે સહીત મોટી સંખ્યામાં શ્રોતાઓએ મહાન ગાયક પ્રાણલાલને તેમની નવમી પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ પાઠવી હતી. પ્રાણલાલ વ્યાસના પુત્ર જીગ્નેશ વ્યાસે એમના પિતાશ્રીની યાદમાં યોજાયેલ આ ભવ્ય અને અનોખા કાર્યક્રમ બદલ સર્વ વક્તાઓ, ગાયકો અને આયોજક તેમ જ મોટી સંખ્યામાં જોડાયેલ સર્વ શ્રોતાઓનો આભાર માન્યો હતો.

બ્રેઈનડેડ લક્ષ્મીબેને અંગદાન કરી પાંચ વ્યક્તિઓને આપ્યું 'નવજીવન'

- પડધરીના ખંભાળા ગામની મહિલાને ગંભીર અકસ્માત નડ્યા બાદ તબીબોએ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા
- કોરોનાનું સંક્રમણ શરૂ થયા બાદ રાજકોટમાં ત્રીજું અંગદાન

અમદાવાદ, તા. ૩

પડધરી તાલુકાના ખંભાળા ગામે રહેતા ચંદુલાલ લવજીભાઈ ભોજાણીના પત્ની લક્ષ્મીબેન (ઉ.વ.૪૭) તાજેતરમાં એક માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં બેભાન થઈ ગયા હતા. તેઓને વધુ સારવાર અર્થે સિનર્જી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા ત્યાં ન્યુરોસર્જન ડૉ. દિનેશ ગજેરો તપાસ કરી જણાવ્યું કે મગજમાં ખૂબ મોટું હેમરેજ થઈ ગયું છે અને અત્યંત ગંભીર હાલત છે. સઘન સારવાર કરવા છતાં સફળતા ન મળી અને અંતે તબીબોની ટીમ દ્વારા લક્ષ્મીબેનનો ખાસ ટેસ્ટ કરી તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા.

આ સમયે ડૉકટરો દ્વારા દર્દીના કુટુંબીજનોને અંગદાનનું દાન કરીને અન્ય લોકોની જીંદગી બચાવવા સમજાવવામાં આવતા દર્દીના પતિ ચંદુભાઈ ભોજાણી, પુત્ર સાગર, દાદી લાભુબેન, કાકા-

કાકી હકાભાઈ તથા કંચનબેન અને તેમના સંતાનો મિલન, રાધિકા અને મિત્રો જીજ્ઞેશભાઈ કાલવાડિયા, શીવાભાઈ આહીર તથા અન્ય સંબંધીઓએ આવા મુશ્કેલ સમયમાં પણ હિંમત રાખીને માનવતાને ધ્યાનમાં રાખી અંગદાનનો નિર્ણય કર્યો હતો.

બાદમાં અંગદાનની સમગ્ર પ્રક્રિયાનું સંકલન કરવાનું અને દર્દીના અંગદાન સુધીની કાળજી રાખવાનું કાર્ય ડૉ. દિવ્યેશ વિરોજાએ સંભાળી લીધું હતું. તેઓએ સરકારના અંગદાન વિભાગ સાથે સંકલન કરી અમદાવાદની કિડની હોસ્ટિપલમાંથી ડૉ. સુરેશ અને સિમ્સ હોસ્પિટલમાંથઈ ડૉ. આનંદ ખખ્ખરની ટીમ દ્વારા કિડની અને લિવર હાર્વેસ્ટ કરવાનું ખુબ જ જટિલ ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડ્યું. આ અંગોને અમદાવાદમાં સિમ્સ હોસ્પિટલમાં લીવર ટ્રાન્સપ્લાન્ટ અને બે કિડની ટ્રાન્સપ્લાન્ટ સફળતાપૂર્વક કરવામાં આવ્યા. બંને ચક્ષુના દાનથી બે વ્યક્તિઓને નવી દૃષ્ટિ પણ મળશે. આમ લક્ષ્મીબેન જતાં જતાં પણ પરોપકારનું કાર્ય કરી પાંચ લોકોને નવજીવન આપતા ગયા.

ડાયરેક્ટ સે

દરેક દિવસ એક અપેક્ષાથી શરૂ થાય છે...
અને એક અનુભવથી પુરો થાય છે...

જન્મદિને વધામણી

રશ્મિકુંવરબા છત્રસિંહ ચૌહાણ

ઘનશ્યામદાસ લુલ્લા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

લાયન્સ કલબ ગાંધીનગર ફેમિનાનો 'ટહુકાર' કાર્યક્રમ

ગાંધીનગર,તા. ૩

શ્રાવણની વાદળો અને મયૂરના ટહુકાર જેવો ગાંધીનગર લાયન્સ ફેમિના નો ઓનલાઈન સંગીત નો કાર્યક્રમ તા.૨/૮/૨૦૨૦ ના રોજ રાત્રે ૯ વાગે ગાંધીનગર થી ઝૂમ અને યુ ટ્યુબ ઉપરથી લાઈવ પ્રસારીત કરવામાં આવ્યો. કાર્યક્રમમાં હરીશભાઈ ત્રિવેદી, ડિસ્ટ્રીકટ કેબિનેટ સેક્રેટરી તથા રાજ ગોડા ઝોન ચેરમેન એ આમંત્રિતો તરીકે હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી, ડીસ્ટ્રીકટ ગવર્નર નરેન્દ્રભાઈ પટેલના આશીર્વાદ સાથે, ફેમિના ના પ્રમુખ મમતાબેન રાવલે સંસ્થા નો પરિચય આપી, સંગીત સંધ્યાનો ઉદેશ જણાવ્યો. આ દિવસ એટલે ગાંધીનગર નો સ્થાપના દિન, ફેમિનાનો એક માસ તથા ફ્રેન્ડશીપ ડે એમ ત્રિવેણી સંગમનો આગવો જલશો કરાવ્યો. ફલક છાયા તથા ડૉ. અપૂર્વા રાવલ - છાયાની જુગલબંધી એ કાર્યક્રમમાં રંગ જમાવ્યો. ગુજરતી અનેક ફિલ્મોના મ્યુઝિક ડાયરેકટર, એવોર્ડ વિજેતા કલાકાર ડૉ. કેદારભાઈ ઉપાધ્યાય અને આરતીબેન ભટ્ટ દ્વારા પણ સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી.

હિન્દી ફિલ્મોના જૂના તથા નવા ગીતો અને ગુજરાતી ભાષાના ગીતો ની ગૂંથણી બહુ સરસ હતી. આરતીબેન દ્વારા કાર્યક્રમનું સંચાલન પણ કરવામાં આવ્યું. ફલકભાઈની વાંસળીના સુરે સહુ ને મંત્રમુગ્ધ કર્યા હતા આમ પહેલો કાર્યક્રમ માણવા લાયક રહ્યો. ગાંધીનગર ખાતેની લાયન્સ કલબોમાં સોથી પહેલ કરનારી સંસ્થાનો આ કાર્યક્રમ નહીં નિહાળનાર દર્શકોને અફસોસ થશે. આ કાર્યક્રમ વેબિનાર અને યુ ટ્યુબ ઉપરથી ૨૦૦થી ૨૫૦ દર્શકોએ નિહાળ્યો હતો.

જક્ષણી માતાજી - સાદરા ને વિશિષ્ટ શણગાર!!

ગાંધીનગરની લગોલગ અને સાબરમતીના સાનિધ્ય આવેલા સાદરા ખાતેના જક્ષણી માતાને શ્રાવણ માસની પૂનમ અને રક્ષાબંધન નિમિત્તે ખાસ શણગાર કરવામાં આવ્યો હતો.

ડૉ. જગદીશ ત્રિવેદી સંપાદીત 'મારી એકાંતયાત્રા' પુસ્તકનુ વિમોચન

ગાંધીનગર,તા. ૩

હાસ્યકલાકાર, લેખક , કવિ ચિંતક અને સમાજસેવક ડો. જગદીશ ત્રિવેદીએ કોરોનાની મહામારી દરમ્યાન અનેક રચનાત્મક અને સર્જનાત્મક કાર્યો કરીને સાચા અર્થમા આફતને અવસરમા બદલી છે. એમણે મોરબી જીલ્લાના હળવદ શહેરની સરકારી પ્રાથમિક શાળા નં. ૧ તાજેતરમા જ પાયામાથી નવી ચણી આપી છે.જે શાળાનુ આગામી ૧૨ સપ્ટેમ્બરના રોજ ઉદઘાટન કરવામા આવનાર છે.તદુપરાંત, એમણે લોકડાઉનના પ્રથમ પચાસ દિવસમા ૩૧૦ પાનાના પાકા પૂંઠાનાં પુસ્તકનુ સંપાદન કર્યુ છે , જેમા મહાત્મા ગાંધીજી, વિનોબાજી, ઓશો, હીરાભાઈ ઠક્કર, સ્વામી સચ્ચિદાનંદજી, સ્વામી માધવપ્રિયદાસજી, મોરારિબાપુ તથા રમેશભાઈ ઓઝા જેવા ભારતના મહાપુરુષો, ચિંતકો અને સંતોના મૂલ્યવાન વિચારો તો છે. પરંતુ,સાથે પશ્ચિમના વિદ્વાનોના પણ એકાંત અને અધ્યાત્મ વિશેના ઉપદેશાત્મક વિચારોનું સંપાદન છે. આ પુસ્તકમા ગુજરાતી ભાષાની સમૃદ્ધ કવિતાઓ સાથે લોકસાહિત્યના પ્રસંગો પણ વણી લેવામાં આવ્યા છે.તાજેતરમા આ પુસ્તકનું SGVP સંસ્થા- છારોડીના અધ્યક્ષ પ. પૂ. માધવપ્રિયદાસજી સ્વામી, સાંદિપની વિદ્યાનિકેતન- પોરબંદરના પ.પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા તથા હાસ્યસમ્રાટ પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ દ્વારા ઓનલાઈન લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. ઉપરોકત ત્રણેણ મહાનુભાવોએ ડો. જગદીશ ત્રિવેદીને લોકડાઉનના એકાંતનો સુંદર સદુપયોગ કરીને લોકોપયોગી સર્જન કરવા બદલ બિરદાવ્યા હતા અને 'મારી એકાંતયાત્રા' પુસ્તક આબાલ-વૃદ્ધ સૌને ઉપયોગી થશે એવી આશા વ્યક્ત કરી હતી.



ઈકો-ક્લબ-અમદાવાદ યુનિવર્સિટીએ 'ઈ-વેસ્ટ મેનેજમેન્ટ' વિષયે વેબીનાર યોજ્યો

અમદાવાદ, તા. ૩

અમદાવાદ યુનિવર્સિટીની ઈકો-ક્લબ દ્વારા તારીખ ૧.૮.૨૦૨૦ના રોજ સંપન્ન થયેલ 'ઈ-વેસ્ટ મેનેજમેન્ટલ વિષયક વેબીનારમાં સદર કલબના સભ્યો, સદર યુનિવર્સિટીના અન્ય વિદ્યાર્થીઓ, જીપીસીબીના સિનીયર પર્યાવરણ ઈનજેર દેવાંગ ઠાકર સહિત અન્ય અધિકારીઓ, ઉપરાંત પર્યાવરણ મિત્રના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. પ્રો. ડૉ. વર્ષા ભગત ગાંગુલીએ મોટરેટરની ભૂમિકા અદા કરી હતી. તેણીની ઈ-વ્ેસ્ટ વિષયોચિત પુસ્તક આગામી દિવસોમાં પ્રસિદ્ધ થનાર છે. અન્ય પેનાલિસ્ટ તરીકે, ઈસ્ટર્ન રિજીયનલ સેલના કોલકત્તા સ્થિત રીમા બેનરજીએ ઈ-વેસ્ટ સાથે સંકડાયેલ સર્કયૂલર ઈકોનોમી અંગે માહિતી આપી હતી. જીપીસીબીના પૂર્વ પીઆરઓ નરેશ ઠાકરે ઈ-વેસ્ટ નિયમો પૈકી કન્ઝૂમર અને બલ્ક કન્ઝૂમરની જવાબદારીઓની સમજૂતિ આપી હતી. અધિકૃત ઈ-વેસ્ટ રિસાયકલરના ઈજનેર મૌલિક પટેલે ઈ-કોલી ઈ-વેસ્ટના પ્લાન્ટ ખાતેની કાર્યવાહી સમજાવી હતી. વળી, કાયદા મુજબ પ્રોડ્યૂસરની જવાબદારી નિભાવવાની પ્રોડ્યૂસર રિસ્પોસિબિલિટિ ઓર્ગેનાઈઝેશન(પીઆરઓ)ના પ્રાન્સુ સિંઘલે સંસ્થાકિય કામગીરી રજૂ કરી હતી. દુનિયાભરમાં નિપજતા ઈ-વેસ્ટના જથ્થામાં ટૂંકા ગાળામાં જ ભારત ત્રીજા ક્રમે છે, અને ગેરકાનુનીરીતે ઈ-વેસ્ટના થતા નિકાલથી જીવસૃષ્ટિ અને પર્યાવરણ સામે ઊભી થઈ રહેલ વિકટ સમસ્યા સામે હવે વર્તામાન કાયદાનો સત્વરે વ્યાપક અમલ કરાવવા આ મંચ મારફતે રજૂઆત થયેલ છે. આ વેબીનારના સફળ આયોજન માટે એન્વિરોન્મેન્ટ કલબને પ્રો. રત્ના ઘોસલ, ડીન ઓફ સ્ટૂન્ડ્સ પ્રો. વૈભવ કડીયાના માર્ગદર્શન હેઠળ સક્રિય સભ્યો હર્ષ કકાસનિયા, ક્ષિતિકા મુદ્રા, ખ્યાતી શ્રીવાસ્તવે ભારે જહેમત ઉઠાવી હતી.

'રક્ષબંધનમાં પણ કોરોનાથી બચાવ માટે સાવચેતી સાથે ઉજવણી'

આ વર્ષેપ્રવર્તમાન પરિસ્થિતિને કારણે રક્ષાબંધન માં પણ થોડી સ્થિતિ બદલાઈ હતી. ગાંધીનગર સેક્ટર-૬ માં રહેતી કોલેજ વિદ્યાર્થિની કુ.રિયા કશ્યપ નિમાવત દ્વારા માસ્ક પહેરી હાથમાં સેનિતાઈઝર અને ગલોઝ ના ઉપયોગથી પૂર્વ મેયર મહેન્દરસિંહ રાણા ને રાખડી બાંધી હતી. મહેન્દ્રસિંહ રાણા એ પણ કુ.રિયા કશ્યપ નિમાવતને માસ્ક અને સેનેટાઈઝર આપ્યા હતા. તહેવારોમાં ફરજ પર હંમેશા તૈયાર રહેતા પોલીસ જવાનોને રાખડી બાંધી અને માસ્ક અને સેતાઈઝર આપ્યા હતા. પોલીસ ભાઈઓ એકદમ ભાવ વિભોર થઈ ગયા હતા ભીની આંખે ગળગળા કંઠે કુ.રિયાને આશીર્વાદ આપ્યા હતા. ચ-રોડ પર ટ્રાફિક પોલીસ માં ફરજ બજાવતા મુસ્લિમ યુવક ગુલામ શેખ ની રાખડી બાંધી કોમી એખલાસનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ઉલ્લેખનીય છે કે બાળપણ થી જ કુ. રિયા કશ્યપ નિમાવત આજ રીતે ફરજરત પોલિસ અને એસ ટી કંડકટર ડ્રાઈવર ને રાખડી બાંધતા આવ્યા છે. આજે સરકારના આદેશોનું પાલન કરતા સાવચેતીથી રક્ષાબંધનના તહેવારની ઉજવણી કરવાની આવી હતી.

'બહેનાને ભાઈ કી કલાઈ સે પ્યાર બાંધા હૈ' રક્ષાબંધનની ઉજવણીને 'પારસમણી' સ્પર્શ

ગાંધીનગર,તા. ૩

પારસમણી ફાઉન્ડેશન એ સમાજસેવા,સાહિત્ય, શિક્ષણ, સ્પોર્ટ્સ અને સંગીત એમ પાંચ પ્રકારના ક્ષેત્રમાં સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે. રક્ષાબંધનના પવિત્ર તહેવારની ઉજવણી એમણે સેક્ટર ૧૬ ખાતે મહાત્મા ગાંધી વિદ્યાલયની સામે આવેલી શ્રમજીવીઓની વસાહતમાં જઈને કરી હતી. રક્ષાબંધનના તહેવારની ઉજવણી માટે પારસમણી ફાઉન્ડેશન વતી સંજય થોરાત, દિવ્ય ત્રિવેદી, વિશાલ થોરાત, ચંદ્રેશ સોની, રિદ્ધિ થોરાત, ડૉ. વિશ્વા દવે અને યોગેશ દરજી જેવા મિત્રો જોડાયાં હતાં. ત્યાં જઈને એમણે બાળકોને સૌ પ્રથમ સેનેટાઈઝેશન કર્યા હતા. અને સૌને માસ્ક પહેરાવ્યા હતાં. ત્યારબાદ ત્યાંની દીકરીઓએ દરેક ભાઈઓના કપાળે ચાંદલો કરીને એક પછી એક દીકરીએ દરેક છોકરાઓને રાખડી બાંધી હતી.

આ પ્રસંગે વિશાલ થોરાત, યોગેશ દરજી, ડૉ. વિશ્વા દવે અને સંજય થોરાત દ્વારા પ્રેરણાત્મક વાતો કરવામાં આવી હતી. એમની સ્વચ્છતા અને આરોગ્યની કાળજી માટે માર્ગદર્શન અને જરૂરી મદદ કરવામાં આવી હતી. માસ્ક અને સેનેટાઈઝરની વ્યવસ્થા તરીશી મહિપતસિંહ પરમાર દ્વારા જ્યારે મીઠાઈની વ્યવસ્થા વૃંદાવન સ્વીટના રિતેશ સુખડિયા દ્વારા કરવામાં આવી હતી. રક્ષાબંધનનો આ કાર્યક્રમ ખૂબ લાગણીસભર અને ભાવસભર બની રહ્યો હતો. ત્યાંની નાનકડી દીકરીઓએ આયોજકોને પણ રાખડી બાંધી હતી. આવનારા સમયમાં આ બાળકો માટે વૈવિધ્યસભર કાર્યક્રમ ત્યાં જઈને કરવો એવો પારસમણિ ફાઉન્ડેશન દ્વારા નિર્ધાર કરવામાં આવ્યો હતો.